# શહેરમાં ધામધૂમથી રક્ષાબંધન પર્વની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૮ રક્ષાબંધન પર્વની આજે શહેરમાં ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભાઈના ઘરે જવા માટે બહેનોએ સવારથી જ દોડાદોડી શરૂ કરી દેતાં માર્ગો પર વાહનોની ભારે અવરજવર જોવા મળી હતી. રક્ષાબંધન પર્વનો સૌએ ખુબ આનંદ માણ્યો હતો.

ભાઈ-બહેનના સ્નેહના પ્રતિકરૂપ ઉજવાતા રક્ષાબંધન પર્વની શહેરમાં ખુબ જ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જાહેર રજા હોવાથી બહેનો ભાઈના ઘરે જવા માટે સવારથી જ ઉતાવળી બની હતી. માર્ગો પર વાહનોની અવરજવર વિશેષ રહી હતી. આ ઉપરાંત ખાનગી વાહનો અને બસોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી. નવા વસ્ત્રોમાં સજ્જ બહેનો પરિવાર સાથે પિયર જતી નજરે ચઢી હતી. બીજી તરફ ભાઈ બહેનને ગમતી ગીફ્ટ લેવામાં વ્યસ્ત રહ્યા હતા. સાડીઓથી લઈને ચોકલેટ્સ સુધીની વિવિધ ખરીદી થતી નજરે ચઢી હતી. મિઠાઈની દુકાનો પર પણ ભીડ જોવા મળી હતી. બપોરે ઘરે મીઠાઈ-ફરસાણ સાથેનું ભોજન કર્યા બાદ પરિવારો ફરવા નીકળી પડ્યા હતા. રેસ્ટોરન્ટ-હોટલો અને હરફ઼ા ફરવાના સ્થળોએ ભીડ જોવા મળી હતી. થિયેટરોમાં પણ ભીડ જોવા મળી હતી. આજે પૂનમ હોવાથી મંદિરોમાં લોકોની અવરજવર રહી હતી. છેક મોડી રાત સુધી રક્ષાબંધન પર્વની ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાઈરલ ફિવરથી પિડાતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે.

● ગાંધીનગર ભાજપની મહિલા કાર્યકર્તાઓ દ્વારા આજે પોલીસકર્મીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

● ગાંધીનગરના દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે દહેગામ તા.પં.ના કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યુ હતુ.

● ગાંધીનગર પાટનગર યોજનામાં ત્રણ અધિકારીઓ આ માસન્તે નિવૃત્ત થતા હોવાથી પા.યો.ભવનમાં નિવૃત્તિનો માહોલ જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં ટ્રાફિક સિગ્નલો મુકાયા છે પણ તે બંધ હાલતમાં હોવાથી શોભાના ગાંઠિયા જેવા લાગે છે.

● ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોમાંથી દૂર કરાયેલા દબાણો પુનઃ ગોઠવાઈ જતાં તંત્રની કવાયત કાગળ પર જ પુરવાર થવા પામી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળનાર છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સમજ યાર... ગઈકાલે રક્ષાબંધન હતી ને ! તો વાઈફ અને બધી સીસ્ટરો ભેગી થાય ને... એને છુટી પાડવા જતાં... જરા હાથ ઉતરી ગયો...!

# વરસાદ ખેંચાતા ગરમી વધી

### મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. પહોંચ્યું : વરસાદ બંધ થતાં ઉકળાટ-બફારો વધ્યાં

ગાંધીનગર, તા. ૧૮ શ્રાવણ માસના પ્રારંભે સારો એવો વરસાદ પડ્યા બાદ છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ બંધ થઈ ગયો છે. ઉઘાડ નીકળતા ખુબ જ ઉકળાટ થવા માંડ્યો છે. ગરમી વધતા વસાહતીઓ પુનઃ બફારાથી હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા અઠવાડિયાથી વરસાદ સાવ બંધ થઈ ગયો છે. હાલમાં વરસાદની કોઈ સિસ્ટમ કાર્યરત ન હોવાથી આકાશ એકદમ ચોખ્ખુ થઈ ગયું છે. અને આકરો તડકો પડવા માંડ્યો છે. ઉઘાડ નીકળતાની સાથે જ ગરમી પણ વધી છે. ઉકળાટ અને બફારો એટલો બધો છે કે પંખાની નીચેથી ખસતાં જ પરસેવે રેબઝેબ થઈ જવાય છે. પુનઃ એસી ચાલુ કરવા પડ્યા છે. પંખા ફુલસ્પીડે ફેરવવા પડે છે. વસાહતીઓ બફારા અને ગરમીથી ત્રસ્ત બની ગયા છે. આગામી દિવસોમાં પણ વરસાદની કોઈ સિસ્ટમ કાર્યરત ન હોવાથી વરસાદ પડવાની સંભાવના નથી. વરસાદ ખેંચાતા આજે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું.



રક્ષાબંધન પર્વે સેક્ટર-૫ પંચમુખી મહાદેવ મંદિર ખાતે રાખડીના હિંડોળા યોજાયા હતા. ભાવિકોએ ખુબ જ ભાવપૂર્વક હિંડોળાના દર્શન કર્યા હતા.



## ચંદ્રાલા ગામે વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવણી અંતર્ગત ગુરુ શિબિર યોજાઈ

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તાલુકાના પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ચંદ્રાલા સબ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ગુરુ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયાના મેડીકલ ઓફિસર ડૉ. પરેશ દેસાઈ, આયુષ એમ.ઓ. ડૉ. તૃપ્તિબેન, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર એચ.જી. ગોહિલ તથા તાલુકાના આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ વગેરે હાજર રહ્યા હતા. આ શિબિરમાં સ્તનપાનથી માતા અને બાળકને તથા ફાયદા સહિત પ્રથમ ધાવણનું વિશેષ મહત્વ, માતાનું દૂધ શિશુ માટે ઉત્તમ બુદ્ધિવર્ધક, શક્તિવર્ધક અને રોગ પ્રતિકારક વર્ધક અંગે મહત્વ સમજાવ્યું હતું. આ શિબિરમાં ચંદ્રાલા ગામની મહિલાઓ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ દ્વારા ભોજલરામ મંદિરનો ૧૬મો પાટોત્સવ તથા વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળ અને શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે સંત ભોજલરામ મંદિરના ૧૬માં પાટોત્સવ નિમિત્તે સમાજના તેજસ્વી તારલાઓને નવાજવા માટે ૨૮મો વિદ્યાપુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૧ ઓગષ્ટને રવિવારના રોજ સવારના ૯.૦૦થી ૧૧.૦૦ કલાક દરમિયાન પંચદેવ મંદિરના નિલકંઠ ફુલશંકર શાસ્ત્રી દ્વારા ૧૬માં પાટોત્સવની વિધિ સેક્ટર-૭, ભોજલરામ મંદિર ખાતે કરવામાં આવશે.

આ ઉપરાંત ૧૬માં પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે બપોરના ૩.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે ૨૮મો વિદ્યાપુરસ્કાર સમારંભ યોજાશે. આ દરમિયાન અમદાવાદ કોર્પોરેટર ટ્રેઈનર રાજીવ ભલાણી "જાગ્યા ત્યાંથી સવાર" વિષય ઉપર પોતાનું વક્તવ્ય રજૂ કરશે. આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, ધીરૂભાઈ ઠાકરસીભાઈ શ્યાણી હાજર રહેશે. અતિથિ વિશેષ તરીકે અમદાવાદના સામાજીક અગ્રણી રવજીભાઈ વસાણી, અમદાવાદ સરદારધામના અધ્યક્ષ ગગજીભાઈ સુતરીયા, અમદાવાદ અંકુર ડિસ્ટ્રીબ્યુટર્સ, ફાર્માસ્યુટીકલ પુરષોત્તમભાઈ માંગરોળિયા ઉપસ્થિત રહેશે. અંતે બાલવા-અમરેલી, ગીરનારી આશ્રમના પૂજ્ય ગીતાદીદી આર્શીવચન પાઠવશે.

## તપોવન સંસ્કારપીઠ ખાતે સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

### સડક સુરક્ષા સમિતિના ચેરમેન મોહિતભાઈ શાહના વરદહસ્તે ધ્વજવંદન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮ ગાંધીનગર પાસેના અમિયાપુર ખાતે તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય ખાતે ૭૦મા સ્વાતંત્ર્યદિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન મોહિતભાઈ શાહ, સડક સુરક્ષા સમિતિ, ગાંધીનગરના ચેરમેનના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાલયના નિયામક મંગળભાઈ શાહ તથા આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલ તથા ડે-કેર સ્કૂલના પ્રિન્સિપાલે સંસ્થા વતી મહેમાનનું અભિવાદન કર્યું હતું.

વિદ્યાર્થીઓએ દેશભક્તિગીત, શૌર્યગીત, દેશભક્તિપ્રેરક કાર્યક્રમ મેરા ભારત મહાન તથા પિરામિડ દર્શન જેવા કાર્યક્રમ પ્રસ્તુત કર્યા હતા. વિદ્યાલયના તેજસ્વી બાળકોનું સિલ્વર મેડલ તથા સર્ટિફિકેટ અર્પણ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન મોહિતભાઈ શાહે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા. અનેક યુવાનોને રાષ્ટ્રરક્ષા અને સંસ્કૃતિરક્ષા માટે તૈયાર કર્યા છે. તેમના પુસ્તકોમાં રાષ્ટ્રપ્રેમ અને ધર્મપ્રેમની મુખ્યતા જોવા મળે છે. તપોવનમાંથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓમાં આદર્શ રહેણીકરણી અને વર્તણૂંક જોવા મળે છે. ગુજરાતમાં આવા અનેક તપોવનો ઉભા થવા જોઈએ. તપોવનને કોઈ પણ પ્રકારની સહાય જોઈતી હોય તો સરકાર તેમને મદદ કરશે.

પૂ. રાજહંસવિજયજી મ.સા. દેશની સુરક્ષા માટે અનેક શહીદોએ આપેલા બલિદાનોને યાદ કરતાં જણાવ્યું કે દેશની સુરક્ષા અને વિકાસ માટે આપણે સૌ તત્પર બનીએ.

તપોવનના પ્રાંગણમાં મોહિતભાઈ શાહના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આમ દેશપ્રેમની ભાવનાને વાચા આપતા આ કાર્યક્રમ દ્વારા સૌને દેશરક્ષા, ધર્મરક્ષા સંસ્કૃતિરક્ષાની પ્રેરણા મળી હતી.

## અમદાવાદ : ડેન્ગ્યુના કેસમાં નોંધાયેલો આઠ ગણો વધારો

અમદાવાદ શહેરની હદમાં છેલ્લા એક દાયકા દરમિયાન થયેલા વધારાની સાથે ડેન્ગ્યુના કેસોની સંખ્યામાં આઠ ગણો વધારો થવા પામ્યો છે. શંકાસ્પદ તાવના દર્દીઓના મેળવવામાં આવતા લોહીના નમૂના પૈકી લગભગ ૧૦ થી ૧૨ ટકા ડેન્ગ્યુના પોઝેટીવ કેસ નોંધાતા હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેલેરીયા વિભાગ દ્વારા શહેરમાં મચ્છર જન્ય રોગો જેવા કે મેલેરિયા, ઝેરી મેલેરીયા, ડેન્ગ્યુના તથા ચીકનગુનીયાને નિયંત્રણમાં રાખવા માટે લોહીના નમૂના લેવામાં આવતા હોય છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવતા લોહીના નમૂનાની તપાસ કરવામાં આવતી હોય છે. ડેન્ગ્યુ ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવે છે. જેના ઉપરથી ડેન્ગ્યુ પોઝેટીવ છે કે કેમ તે અંગેનો નિર્ણય કરવામાં આવતો હોય છે.

## નવનિયુક્ત પ્રદેશ ભાજપ પ્રમુખનો આજે ભવ્ય અભિવાદન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮ ભાજપા પ્રમુખ અમિત શાહની ઉપસ્થિતિમાં આવતીકાલે નવનિયુક્ત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીનો અભિવાદન સમારોહ યોજાશે.

આ અંગેની વિગતો આપતા પ્રદેશ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે આવતીકાલે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ વાઘાણીનો અભિવાદન સમારોહ યોજાશે જેમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશ શર્મા, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષ, કેન્દ્રીય મંત્રીઓ પુરૂષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, હરિભાઈ ચૌધરી, જશવંતસિંહ ભાભોર વિશેષ ઉપસ્થિત રહેશે.

અભિવાદન સમારોહ પ્રેક્ષા વિશ્વભારતી સંકુલ કોબા ખાતે આવતીકાલે બપોરે બે કલાકે યોજાશે. આ સમારોહમાં નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સાથે નવગઠિત રાજ્ય સરકારના મુખ્યપ્રધાન નાયબ મુખ્યપ્રધાન તેમજ રાજ્યનું પ્રતિનિધિત્વ કરનાર કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિને અભિનંદન આપવા પ્રદેશના હોદ્દેદારો પ્રદેશ આગેવાનો જિલ્લા મહાનગરના પદાધિકારીઓ સહિત રાજ્યભરમાંથી ૧૦ હજારથી પણ વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

## મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ મામલે આજે બેઠક યોજાશે

અમદાવાદ,તા. ૧૮ એડમિશન કમિટિ ફોર મેડિકલ એન્ડ પ્રોફેશનલ કોર્સ (એસીએમપીસી)ની બેઠક શુક્રવારના દિવસે મળનાર છે જેમાં મેડિકલ, ડેન્ટલ, પેરામેડિકલ કોલેજો માટે પ્રવેશ પ્રક્રિયાને લઈને નિર્ણય કરવામાં આવશે. અગાઉ એસીએમપીસી ત્રીજી સપ્ટેમ્બરના દિવસે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરનાર હતા.

વિશ્વસનીય સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, મેડિકલ કોલેજોમાં એનઆરઆઈ ક્વોટાને જાળવી રાખવાના ગુજરાત હાઈકોર્ટના ઐતિહાસિક નિર્ણય બાદ ચિત્ર હવે બદલાઈ ગયું છે. અધિકારીઓનું કહેવું છે કે, નીટ પરિણામ જાહેર કરવામાં આવી ચુક્યું છે ત્યારે ઓલ ઈન્ડિયા ક્વોટા માટે પ્રવેશની પ્રક્રિયા ૨૨મી ઓગસ્ટના દિવસે શરૂ કરવામાં આવશે. અધિકારીઓનું કહેવું છે કે, ઓલ ઈન્ડિયા ક્વોટામાં પ્રવેશની પ્રક્રિયાને સપ્ટેમ્બર સુધી પરિપૂર્ણ કરવામાં આવનાર છે.

આવી સ્થિતિમાં એસીએમપીસીને ગુજરાત ક્વોટા સંદર્ભમાં રિસફલિંગમાં જવાની કોઈ જરૂર પડશે નહીં. અધિકારીઓનું કહેવું છે કે, પ્રવેશમાં વિલંબનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કારણ કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) દ્વારા મેડિકલ અને પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ પૂર્ણ કરવા માટેની છેલ્લી તારીખ લંબાવીને ૩૦મી સપ્ટેમ્બર કરી હતી.

અધિકારીઓનું કહેવું છે કે, એમસીઆઈના પગલા ઉપરાંત પ્રવેશ માટેની તારીખ પણ લંબાવવામાં આવી છે. કારણ કે, સુપ્રીમ કોર્ટ આર્થિકરીતે પછાત વર્ગ (ઈબીસી)ને ૧૦ ટકા અનામત આપવાના ગુજરાત સરકારના નિર્ણયને ફગાવી દેવાના ગુજરાત હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ મામલામાં ૨૨મી ઓગસ્ટના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.સુપ્રીમ કોર્ટમાં થનારી સુનાવણી ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે ગુજરાત સરકારે આર્થિકરીતે નબળા પછાત વર્ગને ૧૦ ટકા અનામત આપવા વટહુકમ જારી કર્યો હતો. જો કે, હાઈકોર્ટ આને ફગાવી ચુકી છે.

### મેડિકલમાં એનઆરઆઈ ક્વોટાને જાળવી રાખવા અંગે ગુજરાત કોર્ટના નિર્ણય બાદ કાર્યક્રમમાં ફેરફાર કરાયા

# નરોડા પાટીયા ખાતે જુની અદાવતમાં દિયર-ભાભી પર જીવલેણ હુમલો

### ઘાતક હથિયારોથી કરાયેલા હુમલામાં ૩ને ઇજાઓ

અમદાવાદ, તા.૧૮ શહેરના નરોડા પાટિયા વિસ્તારમાં આવેલા સંજયનગરના છાપરાંમાં ગઈકાલે મોડી રાત્રે જુની અદાવતમાં બંને પાડોશી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં મામલો બિચક્યો હતો. જ્યાં છરીના ઘા વાગતા ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ત્રણ વ્યક્તિઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ નરોડા પોલીસને કરતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આવ્યા હતા અને તપાશ શરૂ કરી હતી. અ અંગે પોલીસે બંને પક્ષો વચ્ચે સામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો મુજબ શહેરના નરોડા પાટિયા પાસે આવેલા સંજયનગરના છાપરામાં ૩૦ વર્ષિય રાજુભાઈ અશોકભાઈ મિસાલ તેમના પરિવાર સાથે રહે છે. આજ છાપરામાં રહેતા અને પાડોશી ૩૪ વર્ષિય સમીર ઉર્ફે અફરોઝ કાલુમીયા શેખ તેમના પરિવાર સાથે રહે છે. ગઈકાલે મોડીરાત્રે બંને પરીવારો વચ્ચે જુની અદાવતમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. જ્યા ત્રણ વ્યક્તિઓ પર છરીના ઘા માર્યા હતા. ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ નરોડા પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી.

આ ઘટનામાં ફરિયાદી રાજુ મિસાલે ફરીયાદ નોંધાવી હતી કે જુની અદાવત રાખી આરોપી રાજુ અશરફ, લાલો, સમીર અને ઝોકિરે તેના ભાભી સુમનને બિભસ્ત ગાળો આપવાની શરૂ કરી હતી. ત્યારબાદ છરી વડે હુમલો કરી હોવાનું જણાવ્યું હતું. ત્યાં બીજી બાજુ ફરિયાદી સમીર ઉર્ફે અફરોઝ શેખ ફરીયાદ નોંધાવી છે કે, જુનિ અદાવત રાખીને રાજુના ભાઈ સુનિલે પાઈપ વડે હુમલો કર્યો હતો. આ અંગે પોલીસે બને પક્ષો વચ્ચે સામસામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧